## જન્મદિને વધામણી



અંશુ કે કામથ



દિલીપ ચારણ
મો. ૯૮૭૯૧ ૯૪૮૯૬


# ૨૧મીએ અડાલજની વાવમાં સંગીતના મધુરા સૂરો રેલાશે

## ફઝલ કુરેશી, રાહુલ શર્મા, સેલ્વા ગણેશ, અરુણકુમાર, ધ્રુવ ઘાનેકર ઈન્દ્રજિત શર્મા, વિજય ચવાણ અને ખેતેખાનનાં પરફોર્મન્સ યોજાશે

ગાંધીનગર, તા. ૧૮

અડાલજની વાવને સૂરોની સંગત મળવાનો સમય આવી ચૂક્યો છે. બે દિવસ પછી અડાલજની વાવ મધુરા સૂરોથી ગૂંજી ઊઠશે.

છેલ્લાં પાંચ વર્ષથી અમદાવાદ શહેરમાં 'વૉટર ફૅસ્ટીવલ'નું આયોજન કરવામાં આવે છે, જે આ વખતે પણ કરવામાં આવ્યું છે. વૉટર ફૅસ્ટીવલ અંતર્ગત અમદાવાદનાં જાણીતાં સ્થાપત્યો ખાતે સંગીતના કાર્યક્રમોનું આયોજન કરવામાં આવે છે. અલબત્ત, આ વખતે સ્થાપત્યોમાં ફેરફાર કરવામાં આવ્યા છે, પરંતુ તેનાથી ગાંધીનગરને ખાસ કોઈ ફરક પડ્યો નથી. કારણ કે અગાઉ સરખેજના રોજા, અડાલજની વાવ અને ભદ્ર પ્લાઝા ખાતે આ કાર્યક્રમ યોજવામાં આવતો




હતો, જેમાં આ વખતે પાટણની રાણકી વાવ ઉમેરવામાં આવી છે અને અમદાવાદનાં બે સ્થાપત્યો બાદ કરવામાં આવ્યાં છે.

અડાલજ ખાતે આગામી તા. ૨૧ના રોજ આયોજિત આ ફૅસ્ટીવલમાં પર્ક્યુશન અને ફ્યુઝન મ્યુઝીક ઉપર વધારે ભાર મૂકવામાં આવ્યો છે. ફઝલ કુરેશી, રાહુલ શર્મા, સેલ્વા ગણેશ, અરુણકુમાર, ધ્રુવ ઘાનેકર, ઈન્દ્રજિત શર્મા, વિજય ચવાણ અને ખેતેખાનનાં પરફોર્મન્સ અડાલજની વાવ ખાતે યોજવામાં આવશે. વૉટર ફૅસ્ટીવલ અંતર્ગત આવતીકાલે પાટણની રાણકી વાવ કે જેને તાજેતરમાં વર્લ્ડ હૅરિટેજ સાઈટ તરીકે ઘોષિત કરવામાં આવી છે ત્યાં પણ વૉટર ફૅસ્ટીવલનું આયોજન કરવામાં આવ્યું છે. રાણકી વાવ ખાતે ઓસ્માન મીર, પાર્થિવ ગોહિલ, નિલાદ્રી કુમાર અને ફઝલ કુરેશી સંગીતના સૂર છેડશે. ઉલ્લેખનીય છે કે ક્રાફ્ટ ઑફ આર્ટના બૅનર તળે જાણીતા પર્ક્યુશનસીસ્ટ ફઝલ કુરેશી અને બિરવા કુરેશી આ વૉટર ફૅસ્ટીવલનું આયોજન કરે છે.

ફેસ્ટીવલની ખાસ વાત એ છે કે દરેક સ્થાપત્યને જ કાર્યક્રમ દરમ્યાન બૅકડ્રૉપ તરીકે ગણવામાં આવે છે અને તેની આગળ સંગીતના કાર્યક્રમ યોજવામાં આવે છે. આ કારણે એક અદ્‌ભૂત માહોલ રચાય છે ને સંગીત એમાં સુગંધ પૂરવાનું કામ કરે છે. આ ફૅસ્ટીવલ એ જીવનનો લ્હાવો છે એવું જોનારાઓ કબૂલે છે.

# 'તાના-રીરી' મહોત્સવ માટે ગાંધીનગરથી બસની શક્યતા

## શહેરમાંથી પૂરતી સંખ્યામાં કલારસિકો મળશે તો મહોત્સવને માણવા ખાસ બસ વડનગર લઈ જવામાં આવશે

ગાંધીનગર, તા. ૧૮

વડનગર ખાતે આયોજિત આગામી તાનારીરી મહોત્સવને માણવા માટે ગાંધીનગરના કલા રસિકોને તક મળવાની એક શક્યતા ઊભી થઈ છે. ગાંધીનગરથી એક ખાસ બસ વડનગર સુધી આ મહોત્સવના હેતુ માટે ઉપાડવા અને પરત લાવવાની વ્યવસ્થા વિચારવામાં આવી રહી છે.

ઉલ્લેખનીય છે કે આગામી તા. ૨૦ અને ૨૧ નવેમ્બરના રોજ વડનગર ખાતે ખ્યાત તાના-રીરી સંગીત મહોત્સવ યોજાઈ રહ્યો છે. ગુજરાત રાજ્ય ઉપરાંત દેશ-વિદેશમાં આ મહોત્સવનું અનોખું મહત્ત્વ છે અને તેને માણવા માટે દિગ્ગજ સંગીતજ્ઞો, સંગીત રસિકો આવે છે. ગાંધીનગરથી પણ આ મહોત્સવને માણવા જનારા ઘણા સંગીતરસિકો છે.

આ વખતે સંગીતરસિકોને તાના-રીરી મહોત્સવ માણવા માટે ગાંધીનગરથી સવલત મળે તે માટેની વિચારણા કરવામાં આવી છે. આ મહોત્સવ માટે જે વ્યક્તિઓ આવવા માગતા હોય તેઓ પોતાનાં નામ સવારના ૧૧થી સાંજના ૬ કલાક દરમ્યાન ગાંધીનગર સમાચાર કાર્યાલય ખાતે નોંધાવી શકે છે.

જો પૂરતી સંખ્યામાં સંગીત રસિકો એકત્ર થશે અને અહીંથી ખાસ બસ કરી શકાય એટલા કલારસિકો મળી રહેશે તો ગાંધીનગરથી વડનગર તાના-રીરી મહોત્સવ માટે બસની વ્યવસ્થા કરવામાં આવશે એ બાબતની નોંધ લેવા કલારસિકોને વિનંતી કરવામાં આવી છે.

### સફાયો કરવા

● **અનુસંધાન પહેલાનું ચાલુ**

જવાબદારી પણ હાલમાં આઈએસ દ્વારા જ સ્વિકારવામાં આવી હતી. રશિયન પ્રમુખ વ્લાદિમીર પુતિન કહી ચુક્યા છે કે, ફ્રાંસિસીઓની સાથે સંપર્ક સ્થાપિત કરી તેમની સાથે સહકાર સાથે કામ કરવાની જરૂર છે. બીજીબાજુ ફ્રાંસના પ્રમુખ હોલાંદે ૨૬મી નવેમ્બરના દિવસે રશિયન પ્રમુખ સાથે મોસ્કોમાં વાતચીત કરનાર છે. આના બે દિવસ પહેલાં તેઓ વોશિંગ્ટનમાં અમેરિકી પ્રમુખ બરાક ઓબામા સાથે પણ વાતચીત કરનાર છે. આ તમામ ઘટનાક્રમથી લાગે છે કે હવે આઈએસનો સંપૂર્ણ સફાયો કરી દેવામાં આવશે.

### સૌથી વધુ મતદારો

● **અનુસંધાન પહેલાનું ચાલુ**

જિલ્લાના આ સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીમાં સૌથી મોટો યોગાનુયોગ એ થયો છે કે ગાંધીનગર તાલુકામાં મતદારોની દૃષ્ટિએ સૌથી મોટો અને સૌથી નાનો વિસ્તાર આવેલો છે એટલુ જ નહિ આ બન્ને બેઠકો પર ત્રિકોણીય જંગ ખેલાઈ રહ્યો છે.

ગાંધીનગર જિલ્લામાં આ વેળાની ચૂંટણીમાં હજુ ચૂંટણીનો માહોલ જોઈએ તેટલો જામ્યો નથી પણ રાત્રિ બેઠક અને ડોર ટુ ડોર પ્રચાર અભિયાન બન્ને પક્ષોએ હાથ ધર્યું છે.

### ગાબડા પુરવા

● **અનુસંધાન છેલ્લાનું ચાલુ**

શહેરમાં ફુટપાથની કામગીરી પાછળ કરોડો રૂપિયાનો ખર્ચ કરવામાં આવ્યો છે. પરંતુ વોક વે ની જાળવણી માટે તંત્ર સદંતર બેધ્યાન હોવાનુ સ્પષ્ટ થયુ છે. નગરની ફુટપાથ પર વાહનો દોડાવાતા વોક વે ની હાલત દિનપ્રતિદિન કંગાળ બનતી જાય છે. જયારે ઘણાં ઠેકાણે હોર્ડીંગ્સ લગાવતી વેળાએ પણ ફુટપાથમાં ગાબડા કરી દેવાયા હોવાનુ ધ્યાને આવ્યુ છે. આમ નાગરિકોની જાગૃતતા અને તંત્રની નિષ્કાળજીના લીધે ફુટપાથ પાછળ ખર્ચાયેલા કરોડો રૂપિયાના ખર્ચનો કોઈ હેતુ સરતો નથી. જયારે ફુટપાથ આસપાસ સફાઈના અભાવે ગંદકીના ઢગ ખડકાતા મોર્નિંગ વોક કરનારાઓ માટે પણ મુશ્કેલી ઉભી થઈ છે. લાંબા સમયથી ફુટપાથની જાળવણી માટે કોઈ પગલા લેવાયા નથી. કરોડોના ખર્ચે તૈયાર કરાયેલી ફુટપાથનુ અસ્તિત્વ જોખમમા છે. તંત્ર દ્વારા ફુટપાથના ગાબડા પુરવા વિભાગને દરખાસ્ત કરવામાં આવી છે. જેની પાછળ રૂ ૨૦ લાખનો ખર્ચ કરવામાં આવશે.

### સત્તા સોંપાશે

● **અનુસંધાન છેલ્લાનું ચાલુ**

મનપાને આપવા માટે મન બનાવી લીધુ છે. નામદાર હાઈકોર્ટમાં પણ દબાણોને લઈ થયેલી અરજીને ધ્યાને રાખી સરકારે હવે આ દિશામાં સ્પષ્ટ નિર્ણય લઈ લીધો હોવાનું જાણવા મળેલ છે.

ગાંધીનગર મહાનગર પાલિકામાં હજુ સત્તા સોંપણી અંગે સરકાર સાથે વાતચીતો ચાલી રહી છે. પાણી-ગટરના સંચાલન માટે મનપાએ સ્પષ્ટ ના પાડી નથી તેમજ આરોગ્યની સેવાઓ અંગે હજુ સરકાર દ્વિધામાં છે. મનપામાં હજુ કર્મચારીઓની ભરતીમાં બાર સાંધે અને તેર તુટે જેવી સ્થિતિ પ્રવર્તી રહી છે.

સરકારે જ બાંધારણીય જગ્યાઓ પર નિમણુંકો આપી નથી તેમજ ભરતી માટેના નિયમો અને સેવા-શિસ્તના નિયમોની બહારી હજુ અટવાયેલી પડી છે.

મનપાના સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો મુજબ અગાઉ ૧૨ જેટલી શાખાઓ શરૂ કરવાનો નિર્ણય લેવામાં આવ્યો હતો. જોકે બધી જ શાખાઓ પુરેપુરી કાર્યરત થઈ શકી નથી.

દરમ્યાન આજે શહેરના દબાણના મુદ્દે મ્યુનિ. કમિશનરે સંબંધિત વિભાગો વન વિભાગ, માર્ગ-મકાન વિભાગ, કલેક્ટર કચેરીની દબાણ શાખા સહિતના અધિકારીઓની એક સંયુક્ત બેઠક યોજી હતી. અને તાત્કાલિક અસરથી દબાણકર્તાઓને નોટીસ ફટકારવાનો તેમજ દબાણ દૂર કરવા માટે સ્ટાફની જરૂરિયાત સહિતના મુદ્દાઓને લઈ વિસ્તૃત ચર્ચાઓ કરી હતી.

### માર્ગ સુધારણા

● **અનુસંધાન છેલ્લાનું ચાલુ**

હતી. જેને અનુલક્ષી શહેરમા માર્ગ સુધારણાનુ કામ હાથ ધરવા આયોજન કરી દેવામાં આવ્યુ છે. સુત્રોના જણાંવ્યા મુજબ શહેરના મુખ્ય ઘ માર્ગ ઉપરાંત રોડનં-૬, ૪ બી, તેમજ જી આઈ ડી સીના રસ્તાઓના સરફેસીંગનુ કામ પણ આવરી લેવામાં આવશે. લાંબા સમયથી ગાબડાગ્રસ્ત બનેલા ઘ માર્ગનુ નવિનીકરણ થતા શહેરીજનોની હાલાકીનો પણ અંત આવશે.

### મુલાકાત લીધી

● **અનુસંધાન છેલ્લાનું ચાલુ**

આ ઉપરાંત હોસ્પિટલની સંપૂણ રીતે સત્તા સોંપણી કોલેજ સત્તાવાળાઓને કરાઈ ન હોવાને કારણે પણ કેટલીક મુશ્કેલીઓ હોવાનું કોલેજ સત્તાવાળાઓનું માનવું છે.

### શાળાનું કામ

● **અનુસંધાન છેલ્લાનું ચાલુ**

હાલ ફલોરીંગ તેમજ કલરકામ ચાલી રહયુછે. બે મજલાના બિલ્ડીંગમાં અદ્યતન સુવિધાઓ પણઁ ઉભી કરવામાં આવશે. જેમાં રેઈન વોટર હારવેસ્ટીંગ સિસ્ટમ, કમ્પાઉન્ડ વોલ, પાર્કીંગ, ફાયર ફાઈટીંગ સિસ્ટમ સ્ટેજ ગેટ, પ્રાર્થના ખંડ, શિક્ષક રૂમ, તેમજ પ્રિન્સિપાલ રૂમ ટોઈલેટ બ્લોક આ ઉપરાંત વિશાળ કલાસરૂમ પણ બનશે. શાળાના નવીન બિલ્ડીંગ માટે રૂ ૭ કરોડનો ખર્ચ કરવામાં આવશે. જયારે આગામી જાન્યુઆરી મહીનામાં શાળાના નિર્માણનુ કામ પુર્ણ કરી દેવામાં આવશે.

## ગુજરાતમાં નવજાત શિશુનો મૃત્યુદર શહેરી ક્ષેત્રોમાં વધુ

અમદાવાદ, તા. ૧૮

ગુજરાત રાજ્યમાં નવજાત શિશુ મૃત્યુદર શહેરી વિસ્તારોમાં વધુ હોવાની ચોંકાવનારી વિગત સપાટી પર આવી છે. મોટાભાગે એમ માનવામાં આવતું હતું કે, ગ્રામીણ વિસ્તારોમાં નવજાત શિશુમાં મોતનો દર વધારે જોવા મળે છે. પરંતુ આંકડાઓ સાબિત કરે છે કે શહેરી વિસ્તારોમાં ગુજરાતમાં નવજાત શિશુનો મૃત્યુદર પ્રમાણમાં વધારે છે. તબીબી સુવિધાઓના અભાવથી ગ્રામીણ વિસ્તારોમાં બાળકોના મોત વધારે થાય છે જો તેમ માનતા હોય તો આ માન્યતા ખોટી છે. કારણકે, શહેરી વિસ્તારોમાં મૃત્યુદર પ્રમાણમાં વધારે છે. સિવિલ રજીસ્ટ્રેશન સિસ્ટમ (સીઆરએસ)ના આંકડામાં જાણવા મળ્યું છે કે ગ્રામીણ ગુજરાતમાં પ્રથમ વર્ષમાં નવજાત શિશુના મોતનો દર ૦.૫૬ ટકા છે, જ્યારે શહેરી વિસ્તારોમાં આ દર ૧.૨૧ ટકા છે. જે સાબિત કરે છે કે ગ્રામીણ વિસ્તારોની સરખામણીમાં ગુજરાતમાં શહેરી વિસ્તારોમાં નવજાત શિશુનો મૃત્યુદર વધારે છે. સરકાર દ્વારા જારી કરવામાં આવેલા આંકડા દર્શાવે છે કે, દેશભરમાં પણ આ સ્થિતિમાં વધારે અંતર નથી. સિવિલ રજીસ્ટ્રેશન સિસ્ટમના આધાર ઉપર જારી કરાયેલા આંકડા મુજબ ૪.૩ લાખ બાળકોના જન્મ ગ્રામીણ વિસ્તારોમાં થયા હતા જે પૈકી પ્રથમ વર્ષમાં ૨૪૧૮ બાળકોના મોત થયા હતા. જ્યારે શહેરી વિસ્તારોમાં ૨૦૧૩માં ૮.૩ લાખ બાળકોના જન્મ થયા હતા અને તેમના પ્રથમ ૧૨ મહિનાના ગાળામાં જુદી-જુદી માંદગી અને રોગના કારણે ૧૦૦૪૬ બાળકોના મોત થયા હતા.

# રજામાં મોજમજાનો માહોલ ઘટ્યો

# મમ્મી-વિદ્યાર્થીઓ પ્રોજેક્ટમાં વ્યસ્ત

ગાંધીનગર, તા. ૧૮

દિવાળીના પર્વો સમાપ્ત થયા ને રજાઓ પણ સમાપ્ત થઈ છે, પરંતુ વિદ્યાર્થીઓ માટે હજુ દિવાળી વૅકેશન ચાલુ છે. અલબત્ત, તેમના માટે પણ હવે રજાઓમાં મોજમજાનો માહોલ ઓછો થયો છે ને દિવાળીના લેસનમાં વિદ્યાર્થીઓ તથા તેમની મમ્મીઓ પ્રવૃત્ત થઈ છે.

શહેરમાં સ્કૂલ સ્ટેશનરીની દુકાનો ઉપર છેલ્લા બે દિવસથી વિદ્યાર્થીઓ અને મમ્મીઓની સંખ્યામાં નોંધપાત્ર વધારો જોવામાં આવી રહ્યો છે એ જોતાં એ બાબતની સાબિતી મળી હતી કે હવે બાળકો દિવાળી લેસન તરફ વળ્યા છે.



ઉલ્લેખનીય છે કે હવે મોટાભાગની સ્કૂલ્સ દ્વારા દિવાળીના વૅકેશન દરમ્યાન લેસન તરીકે એક આખી વૅકેશન બૂક ભરવાનું અથવા વિવિધ પ્રૉજેક્ટ્સ તૈયાર કરવાનું કામ વિદ્યાર્થીઓને આપવામાં આવે છે. આ વખતે મહત્તમ સ્કૂલ્સ દ્વારા મહત્તમ વિદ્યાર્થીઓને વિવિધ પ્રૉજેક્ટ તૈયાર કરવાનું દિવાળી હોમવર્ક આપવામાં આવ્યું છે. અંગ્રેજી અને ગણિત જેવા વિષયોમાં પણ વિદ્યાર્થીઓને વિવિધ પ્રૉજેક્ટ્સ તૈયાર કરવા માટે દિવાળીનું હોમવર્ક આપવામાં આવ્યું છે.

દિવાળીના પર્વોનો માહોલ હતો ત્યાં સુધી તો હરવા-ફરવામાં વિદ્યાર્થીઓનો અને પરિવારોનો સમય વ્યતિત થતો હતો પરંતુ સોમવારથી ધંધા-રોજગાર-કચેરીઓ ચાલુ થતાં ઘરની બહાર જવાનો, ફરવાનો ક્રમ ઓછો થયો હતો, જે હવે તો શૂન્ય નજીક પહોંચી ગયો છે. અને છેલ્લા બે દિવસથી હવે મમ્મીઓએ દિવાળી હોમવર્કની તૈયારીઓનો આરંભ કરી દીધો છે એવા સમાચાર છે.

વિવિધ પ્રકારના ચાર્ટ પેપર, કલર પેપર, કલરફૂલ પેન, સ્કૅચ પૅન કે પ્રૉજેક્ટ માટે જરૂરી એવી અનેક પ્રકારની સ્ટીકર સહિતની વસ્તુઓની ખરીદી સ્ટેશનરી સ્ટોર્સ ઉપરથી મોટા પ્રમાણમાં થઈ રહી છે એ દર્શાવે છે કે હવેનું અઠવાડિયું એ ઘેર બેઠેલા વિદ્યાર્થીઓ માટે મોજમજાનું નહીં, પરંતુ હોમવર્ક પૂર્ણ કરવા માટેનું બની રહેશે અને ન માત્ર વિદ્યાર્થીઓ પરંતુ તેમની મમ્મીઓ પણ આ કાર્યમાં તેમની સાથે વ્યસ્ત રહેશે.

# કૉલેજના વિદ્યાર્થીઓની 'શહેર વાપસી'

ગાંધીનગર, તા. ૧૮

પહેલાં ધંધા-રોજગાર-નોકરીઓ અને હવે મહાશાળાઓમાં પણ દિવાળીનું વૅકેશન ખત્મ થઈ જતાં ગાંધીનગરની મહાશાળાઓમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને રાજ્યભરનાં વિવિધ શહેરોમાંથી ગાંધીનગર શહેરમાં વાપસી કરતા જોવામાં આવી રહ્યા છે.

ખાસ કરીને ગાંધીનગર શહેરની પ્રથમ યુનિવર્સિટી એવી કડી સર્વ વિશ્વવિદ્યાલય સંલગ્ન ઍલડીઆરપી કૅમ્પસમાં કાર્યરત મહાશાળાઓનું વૅકેશન પૂર્ણ થયું છે, જ્યાં ઍન્જિનીયરીંગ, ઍમબીએ અને પત્રકારત્વના અભ્યાસક્રમો ચલાવવામાં આવી રહ્યા છે. મહાશાળાઓ કાર્યરત થતાં અભ્યાસકાર્યોનો આરંભ પણ કરી દેવામાં આવ્યો છે. વિદ્યાર્થીઓ પણ સઘળી મહાશાળાઓમાં મોટી સંખ્યામાં જોવા મળી રહ્યા છે. આ સમાચાર મળતાં જ બહારગામના વિદ્યાર્થીઓ પણ તાત્કાલિક શહેર વાપસી કરી રહ્યા છે. ગઈકાલે અને આજે પણ શહેરમાં આવી રહેલા આવા વિદ્યાર્થીઓ જોવા મળ્યા હતા.

# અશાંતને સુખ ક્યાંથી ? સુખ વિના શાંતિ ક્યાંથી ?

'જે વ્યક્તિ દુરાચારથી પાછી હટી નથી, જેની ઈન્દ્રિયો અંકુશમાં નથી, જેનું મન એકાગ્ર થયું નથી, જે અશાંત છે, તેવી વ્યક્તિને જ્ઞાન દ્વારા આત્માનુભૂતિ થતી નથી.'

અહીં જ્ઞાન એટલે બ્રહ્મજ્ઞાન, પરમાત્મા સાથેનું અનુસંધાન તેવું જણાવાયું છે. પરંતુ ઉપનિષદોમાં માત્ર બ્રહ્મતત્ત્વનું જ નિરુપણ કરવામાં નથી આવ્યું. સાથોસાથ આપણા આ વાસ્તવિક જીવનમાં ઉપયોગી થતા અને જ્ઞાનમાર્ગને પ્રગટ કરતા કેટલાક વિશિષ્ટ મંત્રો તેમાં છે. 'ઉત્તિષ્ઠ, જાગૃત...' જેવા મંત્રથી વિવેકાનંદજીએ ભારતને જગાડેલું.

કોઈપણ ધર્મમાં, પછી તે ભાગવત હોય યા વ્યાવહારિક, તેમાં સફળતા મેળવવા શ્રદ્ધા-ભક્તિની જરૂર પડે છે. આ જ વાત આપણા ગ્રંથો પણ જણાવે છે. કર્મના કાયદાને બાજુ પર રાખી, પોતાની ક્ષમતાપૂર્વક કર્મો કરતાં-કરતાં સો વર્ષ જીવવાની વાત પણ અત્રે છે. સત્યનું મુખ સોના વડે ઢંકાયેલું છે તેવું તથ્ય પણ ઋષિ ઉમેરે છે. આમ વિવિધ ઉપનિષદોમાં આ જીવનની તથા વાસ્તવિક વ્યવહારની વાતો પણ નિષ્પાઈ છે.

મુશ્કેલી એ છે કે આપણે ઉપનિષદોથી દૂર પડી ગયા છીએ. ભાગવત સપ્તાહો, રામાયણની કથાઓ વાંરવાર થાય છે પરંતુ જ્ઞાનનો માર્ગ દર્શાવતા ઉપનિષદોને કેન્દ્રમાં રાખી જ્ઞાનયજ્ઞ યોજાતા નથી. 'જ્ઞાનયજ્ઞ' શબ્દ પ્રયોજાય છે પરંતુ ત્યાં શ્રીમદ્‌ ભગવદ ગીતા પર વિવેચન થાય છે.

જેઓ મંત્ર કડકડાટપણે બોલી જાય છે પરંતુ તત્ત્વ નથી સમજતા, તેઓ પોતાના જ્ઞાનનું પ્રદર્શન કરવા વારંવાર લાંબા વિદ્વતાયુક્ત પ્રવચનો આપતા રહે છે. વળી જ્યાં યજ્ઞ થતો હોય, કથા વંચાતી હોય ત્યાં વારંવાર દોડી જાય છે ને અગ્રસ્થાને બેસે છે. આવો દેખાવ કરનારા કોઈને પણ આત્મદર્શન થતું નથી. પરિણામે તેઓ શાંતિ પામતા નથી.

જે લોકો અઘટિત કૃત્યો કરે છે, ધર્મ તથા અધર્મ વિશે કશું જ જામતા નથી, જે પોતે તો અધાર્મિક પ્રવૃત્તિમાંથી નિવૃત્ત થઈ નથી શકતા પરંતુ ધાર્મિક પ્રવૃત્તિ કરનાર પર કટાક્ષો કરે છે, જેઓ સાંપ્રદાયિક સંકિર્ણતાથી પર જોઈ જ નથી શકતા, જેઓ સ્વાર્થ ખાતર કંઈક પ્રાપ્ત કરવા માટે વારંવાર ગુરુ તથા આશ્રમો બદલતા રહે છે તથા જે લોકો જન્મજાત ભારતીય હોવા છતાં ભારતમાં રહીને જ વિદેશી સંસ્કૃતિ અપનાવી એ પ્રકારનું જીવન વ્યતિત કરે છે તેવા લોકોને પરમાત્માની



અનુભૂતિ કોઈપણ સંજોગોમાં થતી નથી. દેખાવ ખાતર કરાયેલા તેઓનાં તમામ કર્મો નિષ્ફળ જાય છે. મનનો વિગ્રહ કરવાને બદલે ઈન્દ્રિયોના ગુલામ બની વિષયભોગમાં રાચતા આ મનુષ્યો સાવ પામર જંતુ સમાન હોય છે. પોતાની ઈન્દ્રિયો પર કાબૂ મેળવવાને જેણે હજુ સુધી સ્વસ્થતા પ્રાપ્ત નથી કરી, જેઓ કંપણ કર્મ કરે તો તેમાંથી પોતાને શું મળશે તેવી કલ્પનાઓ કરતા હોય, જેઓ વારંવાર પોતાના ધનનો, સત્તાનો અભિમાનપૂર્વક ઉલ્લેખ કરતા હોય, તેવા તમામ લોકોને મનની શાંતિ મળતી નથી. ભગવાન શ્રીકૃષ્ણે આવા લોકોને આસુરી સંપદ ધરાવનાર કહ્યા છે. દુશ્ચરિતનું ત્રીજું પરિમાણ તે ચારિત્ર, શીલ છે. ભર્તૃહરિએ શીલને પરમ ભૂષણ કહ્યું છે. આપણે ત્યાં ગરીબ પણ શીલવંત માનવીને ખાસ માન અપાય છે. તેઓનું નામ લેવાથી પુણ્ય થાય છે તેમ મનાય છે. પરંતુ જેણે પોતાનાં દુષ્કર્મો ત્યજ્યા નથી, દુષ્પ્રવૃત્તિ સતત ચાલુ રાખી છે, જેઓ કામથી ખેંચાઈ ગમે તે સ્ત્રી ઉપર નજર બગાડે છે, બળાત્કાર અને હિંસા કરતાં પમ જે ન અચકાય તેવી વ્યક્તિઓ જો માત્ર માહિતીથી જ આત્મજ્ઞાન પામવાની ઈચ્છા રાખે તો તે સફળ ન થાય.

હિંસાની ભાવના જેના મનમાં દઢ થઈ હોય તેવા લોકો કાયમ અપરાધભાવ અનુભવતા હોય છે. હિંસક ભાવવાળું મન સાવ અશાંત જ હોય અને ગીતાવાક્ય પ્રમાણે અશાંતને સુખ ક્યાંથી ? સુખ વિના શાંતિ ક્યાંથી ? જે માણસ નૈતિક, સદાચારી જીવન ન જીવતો હોય તે ગમે તેટલા ગ્રંથો વાંચે, મંદિર જાય, ભગવાનને ફળફૂલ ચડાવે - આ તમામ બાબતો તેના આધ્યાત્મિક વિકાસમાં જરાપણ મદદગાર થતી નથી. જેઓ સહજ, સરળ રીતે નથી જીવતા પરંતુ અયોગ્ય માર્ગે ચાલે છે તેમને ગમે તેટલો ઉપદેશ અપાય તો પણ તેમને ભગવદ દર્શન થતું નથી, એ તો ભેંસ આગળ ભાગવત સમાન છે. સદાચારી વ્યક્તિ પોતાના મનનો કાબૂ આસાનીથી મેળવી શકે છે અને જેને સાધના કરવી છે તેણે પોતાની ઈન્દ્રિયો પર કાબૂ મેળવવો જોઈએ. કર્મોની શ્રૃંખલા મર્યાદિત કરવાથી પણ મન કેન્દ્રિત થવા લાગે છે. જ્યારે ઈન્દ્રિયો સંયમિત થઈ જાય ત્યારે મન ગહન શાંતિ અનુભવે છે. જેનું ધ્યાન ધરવાનું છે તે પદાર્થ, વ્યક્તિ કે પરમાત્મા પ્રત્યે કેન્દ્રિત મન શાંત થઈ જાય છે. મનની એકાગ્રતાની શક્તિનો વિકાસ થતાં મનમાં નવો ઉત્સાહ આવે છે.

કબીર, સંત રોહિદાસ કે નરસિંહ કોઈ શાળા-મહાશાળામાં ભણ્યા નથી, પરંતુ એમણે સદાચાર સીખ્યો છે. સદાચાર એ માનવના આંતરિક ભાવોનું પ્રતિબિંબ છે. મનમાં હિંસક ભાવોનું સતત સેવન ચાલતું હોય ને અહિંસક હોવાનો દંભ કરવામાં આવે તે લાંબું ન ચાલે. પરમનાં દર્શનની ઈચ્છા હોય તેણે સૌપ્રથમ પોતાના વિચાર સુધારવા જોઈએ. સતત સદ્‌વિચારોમાં ગૂંથાયેલું મન ઈન્દ્રિયો પાછળ ખેંચાઈ નથી જતું પરંતુ અસદ આચરણ આડી પાળ બાંધે છે. સદાચારી સદૈવ સંતોષી હોય છે ને સંતોષી નર સદા સુખી મનાય છે.

**- અનંતરાય વ્યાસ**

### મનના ઉમંગો (૪ પાનાનું ચાલુ...)

હું તમારા હૃદયની ઉષ્મા મેળવી લઈશ. એ તમારી ભેટ બની જશે.' પેલા ભાઈએ હાથ મિલાવ્યો અને... અને... બંને ખુશ થઈ ગયા. બેસતા વરસે બધા હાથમાં હાથ મેળવે છે. ગુજરાતી ભાષાના ધરખમ કવિ નિરંજનભાઈ ભગતે 'લાવો તમારો હાથ, મેળવીએ.' એવું એક અત્યંત સુંદર કાવ્ય લખ્યું છે. એમાં કેવળ પરસ્પર હાથ મેળવવાની જ વાત નથી. હાથ દ્વારા શરીરની ઉષ્મા મેળવવાની વાત છે, હૃદયના ભાવ મેળવવાની વાત છે, અને સત્કૃત્યો માટે આ હાથોને કેળવવાની વાત પણ છે. તમે કહેશો, એક જ કાવ્યમાં આટલી બધી વાતો? હા, ભાઈ હા. ના માનો તો વાંચી જુઓ આ કાવ્ય.

**હાથ મેળવીએ**

**લાવો તમારો હાથ મેળવીએ**
**(કહું છું હાથ લંબાવી) !**
**કહો શું મેળવી લેવું હશે મારે ?**
**તમારા હાથમાં તો કેટલું યે -**
**ધન હશે, સત્તા હશે, કીર્તિ હશે...**
**શું શું નથી હોતું તમારા હાથમાં ?**
**મારે કશાનું કામ ના,**
**ખાલી તમારો હાથ ?**
**ના, ના, આપણા આ બેય**
**ખાલી હાથમાં યે કેટલું છે !**
**આપણા આ હાથમાં ઉષ્મા અને થડકો -**
**અરે એના વડે આવો,**
**પરસ્પરના હૃદયનો ભાવ ભેળવીએ,**
**અને બિનઆવડત સારું નઠારું**
**કેટલું યે કામ કરતા**
**આપણા આ હાથ કેળવીએ !**
**અજાણ્યા છો ? ભલે!**
**તો યે જુઓ, આ હાથ લંબાવી કહું -**
**લાવો તમારો હાથ મેળવીએ!**

- નિરંજન ભગત